# ગુજરાત વિધુત નિયંત્રક આયોગ
# ગાંધીનગર

---

**<u>પ્રેસ નોટ</u>**

**<u>રાજ્ય સરકાર હસ્તકની ઉત્પાદન, પ્રવહન, ચારેય વિજ વિતરણ કંપનીઓ અને સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર માટેનાં પ્રશુલ્ક આદેશ.</u>**

રાજ્ય સરકાર હસ્તકની ઉત્પાદન, પ્રવહન, ચારેય વિજ વિતરણ કંપનીઓ અને સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરે જીઇઆરસી (બહુવર્ષિય પ્રશુલ્ક) વિનિયમો-૨૦૧૧ અનુસંધાને નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬નું ટ્રુ-અપ, જીઇઆરસી (બહુવર્ષિય પ્રશુલ્ક) વિનિયમો-૨૦૧૬ અનુસંધાને નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭નાં માન્ય એકંદર મહેસુલી જરૂરીયાતને મંજૂરી, નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૦-૨૧ ત્રીજા નિયંત્રણ સમયગાળા માટેની બહુવર્ષીય એકંદર મહેસુલી જરૂરિયાત અને નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ના પ્રશુલ્ક નિર્ધારણ પીટીશનો દાખલ કરેલ. આ પીટીશનો ઇલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ અને સંલગ્ન વિનિયમો અનુસંધાને ટેકનિકલ રીતે માન્ય છે કે નહી તેની ચકાસણી કરી તેમને રજીસ્ટર કરી પ્રશુલ્ક આદેશ આપવા માટેની કાર્યવાહી કરવામાં આવેલ.

આ પરવાનેદારોને આ અરજીઓ એબ્રીજ્ડ ફોર્મમાં જાહેર જનતાની ભાગીદારીની ખાતરી કરવા જાહેરમાં પ્રકાશિત કરવા નિર્દેશ આપવામાં આવેલ. સામાન્ય જનતા અને હિતધારકો પાસેથી વાંધાઓ/સુચનો મંગાવવાની વિસ્તુત કાર્યવાહી કરવામાં આવેલ. આ વાંધાઓ સુચનોની ચકાસણી કરીને ૮ થી ૧૦, ફેબ્રુઆરી, ૨૦૧૭ અને ૧૪,ફેબ્રુઆરી, ૨૦૧૭ નાં રોજ આયોગની કચેરી ખાતે જાહેર સુનાવણી નિયત કરવામાં આવેલ. આ સુનાવણીમાં કેટલાક હિત ધરાવનારાઓએ, વ્યક્તિગત અને સંગઠનો સહિત આ સુનાવણીમાં ભાગ લીધો હતો.

આયોગ દ્વારા આ પીટીશનો પર તા. ૩૧-૦૩-૨૦૧૭ના રોજ આદેશ જારી કરેલ. આ આદેશો જીઇઆરસી (બહુવર્ષિય પ્રશુલ્ક) વિનિયમો-૨૦૧૬ અનુસંધાને નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૦-૨૧ ને આવરી લેતા ત્રીજ નિયંત્રણ સમયગાળા માટેની ટ્રેજેકટરી પણ આવરી લેવામાં આવેલ છે.

ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી.

આયોગ દ્વારા ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. માટે ૫ વર્ષ એટલે કે નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે એકંદર મહેસુલી જરુરિયાત અને નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે પ્રશુલ્ક નિર્ધારણ કરવામાં આવેલ. આયોગ દ્વારા ગ્રાહકોનાં હિત માટે ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. નાં પ્રશુલ્ક નિર્ધારણ સમયે જુના અને કાર્યરત ન હોય તેવા સિક્કા, ગાંધીનગર, ઉકાઇ અને ધુવારણ સ્ટેશનોનાં સ્થીર ખર્ચ ઘટાડવામાં  આવેલ.

આયોગ દ્વારા ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી.ને માલ ભાડાખર્ચ બચાવવા માટે પશ્ચીમી કોલસાની ખાણોમાંથી વધુમાં વધુ કોલસાનો જથ્થો મેળવી બળતણ ખર્ચ ઘટાડવા માટે નિર્દેશ કરેલ છે. ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. ને લિગ્નાઇટ કોલસાના ભાવ ઘટાડવા માટે પણ જીએમડીસી સાથે વાટાઘાટો કરવા પણ નિર્દીષ્ટ કરેલ છે. આયોગે ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. ને કોલસાની પ્રાપ્તિ પર લગાડવામાં આવતા ગ્રીન સેશનાં સુયોજન માટેની બાબત યોગ્ય સત્તાધિસકારો સમક્ષ રજુ કરવાની સલાહ સુચન કરેલ છે. ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી.ને હયાત બળતણ પુરા પાડવા માટેના કરારને વ્યાજબી બનાવવા અને હયાત બળતણ પુરા પાડવા માટેના કરાર, કોલસાની પ્રાપ્તિ માટેની પ્રથા અને બળતણ પુરા પાડવા માટેના કરારને શ્રેષ્ઠ બનાવવા માટેનો વિગતવાર અહેવાલ સોંપવા માટે નિર્દીષ્ટ કરેલ છે.

ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લી.

આયોગ દ્વારા માનનીય એપટેલનાં ચુકાદાઓ અને નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬નાં ટ્રુ-અપ અનુસંધાને GETCO દ્વારા માંગવામાં આવેલ પ્રવહન દર રૂ. ૪૪૮૭.૮૬/મેવો/દિવસ સામે રૂ. ૩૮૨૧.૯૮/મેવો/દિવસ નિર્ધારીત કરવામાં આવેલ.  આયોગ દ્વારા ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લી. ને મંજુર કરેલ મુડી રોકાણ ખર્ચને અનુસરવા અને મંજુર કરેલ મુડી રોકાણ ખર્ચમાં  ફેરફાર નયુનતમ રાખવા માટે નિર્દેશ આપવામાં આવેલ.

આયોગ દ્વારા ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લી. ને વોલ્ટેજ ક્લાસ/સ્કીમ માટેનાં મંજુર કરેલ સમગ્ર કેપીટલાઇઝેશન ફેરફાર માટે આયોગની અગાઉથી સંમતિ લેવા નિર્દેશ આપવામાં આવેલ અને બહુવર્ષીય પ્રશુલ્ક આદેશમાં માન્ય કેપીટલાઇઝેશન કે CAPEX માં ફેરફાર રૂ. ૫૦ કરોડ કરતા વધે તો સ્પષ્ટતા આપવા નિર્દેશ કરવામાં આવેલ.

ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લી. દ્વારા જીઇઆરસી બહુવર્ષિય પ્રશુલ્ક વિનિયમો-૨૦૧૬ અનુસંધાને ટૂંકા ગાળાના વ્યવહારો રૂ./ કેડબલ્યુએચ પ્રવહન દર માટે કોઇ પ્રસ્તાવ મુકવામાં આવેલ નહી. આયોગે નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટેની ખરેખર ઉર્જા ક્ષમતા અને ખરેખરની ઉર્જા ઇનપુટ અને GETCO દ્વારા પ્રસ્તાવિત નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે પ્રહ્વન લોડ ક્ષમતાને આધારે આ ખર્ચ ૩૩.૨૫ પૈસા/કેડબલ્યુએચ માન્ય કરેલ છે.

## સ્ટેટ લોડ ડીસપેચ સેન્ટર

આયોગ દ્વારા SLDC દ્વારા પ્રસ્તાવિત મહેસુલી ઘટ રુ. ૨૨૮૭.૫૦ લાખ સામે તા. ૧૪/03/૨૦૧૬ના માનનીય એપટેલનાં ચુકાદા સાથે સમાયોજન કરી મહેસુલી ઘટ રુ. ૧૯૭૮.00 લાખ માન્ય કરવામાં આવેલ. આયોગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે SLDC ખર્ચાઓ SLDC દ્વારા પ્રસ્તાવિત રુ. ૪૪૨૯.૮૭ લાખ સામે રુ. ૩૨૩૬.૦૧ લાખ માન્ય કરવામાં આવેલ.

## ડીસ્કોમ

રાજ્ય સરકાર હસ્તકની ચારેય વિજવિતરણ કંપનીઓ નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ના લાઇન લોસ જે નીચેના કોઠામાં દર્શાવેલ છે.

વર્ષ ૨૦૧૫-૧૬ના લાઇન લોસ

| | મંજૂર કરાયેલ લોસ | વાસ્તવમાં નોંધાયેલ લોસ |
|---|---|---|
| દક્ષિણ ગુજરાત વિજ કંપની | ૧૧.૫૦% | ૯.૫૮% |
| મધ્ય ગુજરાત વિજ કંપની | ૧૨.00% | ૧૧.૬૪% |
| પશ્ચિમ ગુજરાત વિજ કંપની | ૨૩.00% | ૨૪.૭૩% |
| ઉત્તર ગુજરાત વિજ કંપની | ૧૨.00% | ૧૧.૧૩% |

નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે ખરેખર વિતરણ લોસ ૧૫.૯૦% ની સામે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે વિતરણ લોસ ૧૪.૨૪% માન્ય રાખેલ છે. આયોગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે એકત્રિત મહેસુલી ઘટ રૂ.૧૦૫૧ કરોડ સામે ચારેય વિજવિતરણ કંપનીઓ એકત્રિત મહેસુલી પુરાંત રૂ. ૭૯૧ કરોડ માન્ય કરવામાં. રૂ. ૧૯૧૬ કરોડ પાવર પરચેસ કોસ્ટ જોગવાઇ ગણતરીમાં લેવામાં આવેલ નથી જે નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ મહેસુલી પુરાંતનુ મુખ્ય કારણ છે.

ઉપર મુજબ જોતાં, આયોગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે ગ્રાહકોને લાગુ પડતા હાલનાં પ્રશુલક દરોમાં કોઇ ફેરફાર કરવામાં આવેલ નથી.

આયોગ દ્વારા ચારેય વિજવિતરણ કંપનીઓને ખામીભર્યા મીટરોની બદલી માટેનો કાર્યલક્ષી આયોજન અને ખર્ચાળ બળતણની બીન પ્રાપ્યતા ને કારણે બંધ રહેતા જનરેટિંગ સ્ટેશન સંબંધિત નિયત ખર્ચની જવબદારીની ઘટાડવા માટે પાવર પરચેસ કરારોનો પુન: વાટાઘાટો દ્વારા પ્રયત્નો કરવા નિર્દેશ કરવામાં આવેલ.

<u>ટોરેન્ટ પાવર લીમીટેડ</u>

નામદાર એપટેલ એ તેમના તા. 30/03/૨૦૧૭ નાં ચુકાદા દ્વારા તા. ૩૧/03/૨૦૧૬ ના ટોરેન્ટ પાવરના ટેરીફ ઓર્ડરની સમીક્ષા માટેની બાબત આયોગને પાછી મોકલેલ છે અને પીટીશનોને નવેસરથી સાંભળી બની શકે તેટલા વહેલા ઓર્ડર આપવા નિર્દીષ્ટ કરેલ છે. આયોગે તા. ૩૧/03/૨૦૧૬ ના ટેરીફ ઓર્ડરની સમીક્ષા માટેની પીટીશનો પરનો ચુકાદો નક્કી થયા પછી બહુવર્ષીય દર નિયંત્રણ સમયગાળા માટેનો પ્રશુલ્ક આદેશ બહાર પાડવાનો નિર્ણય કરેલ છે.

સહીં
**રૂપવંતસિંહ(આઇ.એ.એસ.)**
**સચિવ**
**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ,**
**ગાંધીનગર**